જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૨/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૯૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૧ લીટર દેશી દારૂ, ૨૮૪૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૦૪૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૦૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૨૦૧/૨૦૨૬**

પાલડીઃ ગીરીરાજસિંહ રણજીતસિંહ ઝાલા (ઉ.વ.૨૯)(રહે, પામીરા ફ્લેટ, ચન્દ્રનગર સોસાયટી, નારાયણનગર રોડ, વાસણા) એ તા.૦૭/૦૨/૨૦૨૬ ના કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે પાલડી મહાલક્ષ્મી ચાર રસ્તા, સિવાલિક–૫ કોમ્પલેક્ષ નીચે પાર્ક કરેલ પોતાની હુન્ડાઇ વેન્યુ કાર નંબર જીજે.૩૮.બીઇ.૪૯૪૨ કિંમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ અંગેની ફરીયાદ ગીરીરાજસિંહ ઝાલાએ તા.૦૯/૦૨/૨૦૨૬ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ક્રિશ્ચિયન ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૨૦૨/૨૦૨૬**

વટવાઃ વટવા જીયા મસ્જીદ સમા રો–હાઉસ સામે અહેમદી પાર્ક ખાતે અબ્દુલકરીમ વકિલઅહેમદ અંસારી નાઓનો પાંચ વર્ષનો પુત્ર મોહમંદકરીમ તા.૦૮/૦૨/૨૦૨૬ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે જીયા મસ્જીદ સામે ખુલ્લા મેદાનની ફરતે આવેલ દિવાલના ગેટ પાસે રમતો હતો ત્યારે દિવાલ તથા લોખંડનો ગેટ તુટી પડતા મોહંમદકરીમ ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૦૩/૨૦૨૬**

બાપુનગરઃ રવિભાઇ મનસુખભાઈ મકવાણા (ઉ.વ.૨૨)(રહે.ચાંદાભાઈની ચાલી, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૨/૨૦૨૬ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચિરાગકુમાર ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી